# ગાંધીનગર સમાચાર નૂતન વર્ષાભિનંદન

વિશેષ પૂર્તિ - ૨૦૭૩

## તંત્રી સ્થાનેથી...

# નવા વર્ષે નવા વિચારોને વધાવીએ....

આવો નવા વર્ષને વધાવીએ. નિયતિના ક્રમને આવકારીએ. નાના-મોટા મતભેદ ઓગાળીએ. મનોરથ સાકાર કરવા સંકલ્પ કરીએ. અંતરમાં પ્રગટેલો અજવાશ જીવનમાં ડગલે અને પગલે પ્રસારીએ.

હા...! વર્ષ બદલાયું... ગઈકાલ પર નજર નાખીને આવતીકાલના સ્વપ્નોને ઉગાડીએ. વ્યક્તિગત જીવનથી લઈને વૈશ્વિક જીવનમાં વિદાય લેવું વિક્રમ સંવત ૨૦૭૨નું વર્ષ ચિંતાઓ અને ચર્ચાઓમાં પસાર થયું. કેટલીક દુઃખદ છાપ છોડતું ગયું છે. સુખદ તો આંગળીના વેઢે ગણાય તેટલી જ ઘટનાઓ બની છે. બાકી તો પીડા અને પીડા જ. માણસ-માણસ, રાજય-રાજય, દેશ-દેશ વચ્ચે કર્કશતા વધી છે. આક્રમક ભાવ પણ વધતો જાય છે. વિસ્તારવાદના નામે યુદ્ધો ખેલાયા... અને વિશ્વ યુદ્ધના ભણકારા થયા. સિરિયાના નામે દુનિયાના ઊભા ફાડીયા થઈ ગયા. મૂછો મરડતી મહાસત્તાઓ આમને-સામને લાલઘૂમ ચહેરે ઊભી થઈ ગઈ... તો આપણે આંગણે પાકિસ્તાનનું પ્રોક્સીવોર છેલ્લા ત્રણ મહિનાથી આખા દેશને બેચેન કરી રહ્યું છે. ભારતના બંને પાડોશીઓ ચીન અને પાકિસ્તાન ખુલ્લેઆમ અવળચંડાઈ કરે છે. માત્ર સરકાર નહીં આખો દેશ ચિંતામાં છે. રાજકારણની રોટલી શેકનારાઓએ કાશ્મીરને સળગતું જ રાખ્યું છે અને આ રાજકીય આટા પાટાઓની વચ્ચે મા-ભોમની રક્ષા કાજે ઝઝૂમતા જવાનોની શહિદીઓના સમાચાર રોજેરોજ અખબારોની હેડલાઈન બને છે, અને એટલે જ કહેવું પડે છે રાજનીતિમાંથી રાષ્ટ્રનીતિમાં આવવાની જરૂર છે. સરકાર આ પક્ષની હોય કે પેલા પક્ષની હોય દેશ આપણા સૌનો છે. પ્રજાને રસ છે સરકારની નીતિ અને નિયતિમાં - સર્જિકલ સ્ટ્રાઈક - રાફેલ વિમાનોની ખરીદી - લશ્કરી અધિકારીઓની બઢતી-બદલીની વિગતો મીડિયામાં આપે છે કોણ?! ચર્ચામાં મુકે છે કોણ?! આ રાષ્ટ્રના હિતની બાબત છે. દેશના સંરક્ષણની બાબત છે. કેટલીક આચારસંહિતા તૂટતી જાય છે. આ બાબત ગંભીર ચિંતા ઉપજાવે છે. આખો દેશ એક નાજુક અવસ્થામાંથી પસાર થઈ રહ્યો છે. રાજકીય મતભેદો - વ્યક્તિગત મતભેદો છોડીને રાષ્ટ્ર એકતા અને અખંડિતતા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવાનો પાવન અવસર નવા વર્ષથી બીજો કયો હોઈ શકે?!

દેશમાં મતભેદોની કોઈ સીમા નથી. ઉત્તરપ્રદેશની શાસક પાર્ટીમાં યાદવાસ્થળી સર્જાઈ છે. બાપ-દીકરો, કાકો-ભત્રીજો, ભાઈ-ભાઈ સત્તા માટે સામસામે આવી જાય છે. દેશમાં મીઠાથી લઈ કોમ્પ્યૂટરનું ઉત્પાદન કરતી ટાટા કંપનીમાં સાયરસ મિસ્ત્રી અને રતન ટાટા સ્ટીરીયોમાં ચર્ચાય છે. ભાજપ હોય કે કોંગ્રેસ... મંદિરો હોય કે ઉદ્યોગો હોય સત્તાનો કકળાટ ચારેકોર વધતો જાય છે. માન-મર્યાદા ચિંથરેહાલ છે. નીતિ અને મૂલ્યો બિચારા અને બાપડાની સ્થિતિમાં છે. પ્રામાણિકતા પાંગળી બનીને ઢસડાય છે. દસે દિશાઓમાં માનવતાની કટોકટી વધતી ગઈ છે. ગઈકાલની આ અવદશા છે આજ અવઢવમાં છે. જો આવતીકાલને ઉજ્જવળ બનાવવી હોય તો થોડુંક અટકવું પડશે. 'રૂક જાઓ...'ના વિચારને વિસ્તારવો પડશે. યુદ્ધથી બુદ્ધ તરફ જવા ગતિ કરવી પડશે. સંવાદથી સામાજિક સમરસતા પ્રગટાવવાનો પ્રયાસ આરંભવો પડશે.

હા...! આ જ સત્ય છે.

સમયના પરિમાણમાં સૌ ગૂંચવાયા છે. વિકાસ અને કલ્યાણનો રાજમાર્ગ ભ્રષ્ટાચારના ખાડાઓથી ભંગાર હાલતમાં રાજકારણીઓની રોટલી શેકવાની સગડી બનીને ઊભા છે. ત્યારે વિકાસનો વિકાસ તરીકે અને કલ્યાયને કલ્યાણ તરીકેનો ભાવ પ્રગટાવીએ અને પ્રસરાવીએ. વિશ્વના પ્રશ્નોને ઉકેલવાના પ્રયાસને આપણા આંગણેથી શરુઆત કરીએ. સૌનો સ્વીકાર... સૌને આવકારનો ભાવ પ્રગટાવતા રહીએ. ગીતાના નાયક શ્રીકૃષ્ણએ આપેલા "સંભવામિ યુગે યુગે" ના વચનને સ્મરણ કરીએ. અતિ ખરાબ સમય બાદ અતિ સારો સમય આવી રહ્યો છે. એ વિધાન પર શ્રદ્ધા કેન્દ્રિત કરી શ્રદ્ધાને પાથરીએ. સ્વતરફ ગતિ કરીએ... પ્રકૃતિ તરફ ગતિ કરી... માનવતાને મહેકાવીએ... જીવનને જીવંત બનાવીએ તો યુદ્ધથી બુદ્ધ તરફના માર્ગ પર નવા વર્ષે પા પા પગલી કરી શકાશે.

'ગાંધીનગર સમાચાર'ની ક્ષમતા નથી એનો નમ્રતાપૂર્વક સ્વીકાર કર્યા બાદ પણ દેશના વર્તમાન પર ફેંકાયેલી દૃષ્ટિના આધારે નિર્મિત થયેલ ચિત્ર પ્રસંગોચિત્ત ભાવ સાથે પ્રસ્તુત કરાયું છે. હા અમને ખબર છે. અમારા આ નાનકડા લેખથી સ્થિતિમાં કોઈ ફેરફાર થયો કે નથી કરી શકાવાનો પરંતુ ખિસકોલી ભાવે હૃદયના ધબકાર વચ્ચે ઝીલાતી લાગણીઓને રજૂ કરી નિષ્ક્રીય રહેનારાઓની યાદીમાં 'ગાંધીનગર સમાચાર'નું નામ ના આવે એ જ માત્ર હેતુ સાથે શબ્દ દેહે ચિત્ર ઉપસાવ્યું છે અને એટલે જ અમે સમાજ અને શાસન વચ્ચે સેતુ બનવાનો મનોરથ સેવ્યો છે. સજ્જનતાને સક્રિય બનાવવા અને દુર્જનતાને નાથવાની પ્રતિબદ્ધતા પાને પાને આલેખીએ છીએ. આલેખતા રહીશું. ગાંધીનગર સમાચારનું લક્ષ્ય છે કે સંવેદનશીલ સમાજની રચનાની વૃત્તિ-પ્રવૃત્તિને અગ્રતા આપવી.

'ગાંધીનગર સમાચાર' આપ સૌના આશીર્વાદથી વિસ્તરતું જાય છે... વિકસતું જાય છે અને સકારાત્મક ભાવને પ્રસરાવતું જાય છે. સમયના પડઘા અને પ્રતિબિંબોને ઝીલતા-ઝીલતા 'ગાંધીનગર સમાચાર' આપના હૃદયના એક ખૂણામાં સ્થાન મેળવવામાં સફળ રહ્યું છે. તેનું અમને ગૌરવ છે. આજે નવા વર્ષે મૂલ્યનિષ્ઠ અને સર્જનાત્મક પત્રકારત્વ ટકાવવાના અમારા સ્વપ્નને સાકાર બનાવવા આપના આશીર્વાદ અભિલાષીએ છીએ. આપનો સહયોગ 'ગાંધીનગર સમાચાર'ની મૂડી છે. સૌ વડિલોને વંદન અને સાથીઓને શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

